# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-06-2024** **Morning : 7.10 to 7.20pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે.
- રાજ્યમાં એક લાખ જેટલા નાના ઉદ્યોગકારોને નોમિનલ સભ્યપદ આપવાનો જી.સી.સી.આઇ.નો લક્ષ્યાંક
- હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્કીલ ડેવલપમેન્ટનો અભ્યાસક્રમ શરૂ કરવા મંજૂરી અપાઇ.
- રાજ્યમાં આજથી સાત દિવસ સાર્વત્રિક વરસાદની શક્યતા.
- ટી-20 વિશ્વકપની ફાઇનલમાં ભારતનો વિજય - રાજ્યભરમાં ક્રિકેટરસિકોએ ઉજવણી કરી.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM – MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના બધા જ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

---------------

# CM - MOU

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં રાજ્ય સરકારના સાયન્સ ટેક્નોલોજી વિભાગ દ્વારા ડીપ ટેક્નોલોજી અંતર્ગત ત્રણ મહત્વપૂર્ણ સમજૂતી કરાર કર્યા છે. તે અંતર્ગત માઇક્રોસોફ્ટ અને સાયન્સ ટેક્નોલોજી વિભાગ ગિફ્ટસિટીમાં કૃત્રિમ બુદ્ધિમત્તા સેન્ટર ઑફ એક્સલન્સની સ્થાપના કરશે.

આ સેન્ટરમાં મશીન લર્નિંગ, કોગ્નિટિવ સર્વિસીસ અને બોટ સર્વિસ જેવી મુખ્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ ટેક્નોલોજીઓ વિવિધ ક્ષેત્રોના સફળ પાયલોટ પ્રોજેક્ટ્સનું રોલઆઉટ અને વિવિધ તાલીમ કાર્યક્રમો યોજશે.

નાસ્કોમ સાથે થયેલા સમજૂતી કરાર અન્વયે રાજ્યની કૃત્રિમ બુદ્ધિમત્તાની ક્ષમતાઓને વધારે મજબૂત કરાશે. નાસ્કોમ વિવિધ ક્ષેત્રોના કૃત્રિમ બુદ્ધિમત્તા નિવારણ લાવવા, પાયલોટ પ્રોજેક્ટ્સના અમલીકરણ અને વિવિધ સરકારી વિભાગો અને ખાનગી ક્ષેત્રોમાં કૃત્રિમ બુદ્ધિમત્તાની મોડલ્સને અપનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સમજૂતી કરારને કૃત્રિમ બુદ્ધિમત્તાનાં અને ડિજિટલ પરિવર્તનમાં ગુજરાતને રાષ્ટ્રીય કક્ષાએ આગવું સ્થાન આપવાની દિશામાં નોંધપાત્ર પગલું ગણાવ્યું હતું.

-------

## GCCI- MSME

ગુજરાત વેપાર અને ઉદ્યોગ મહામંડળ - જી.સી.સી.આઇ. એ આગામી સમયમાં રાજ્યમાં એક લાખ જેટલા નાના ઉદ્યોગકારોને નોમિનલ સભ્યપદ આપવાનો લક્ષ્યાંક આપ્યો છે.

જીસીસીઆઇના નવા પ્રમુખ તરીકે ચૂંટાયેલા સંદીપ એન્જીનીયરે આકાશવાણી સાથે વાત કરતાં જણાવ્યું કે, રાજ્યના લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ

ઉદ્યોગોને ટેક્નોલોજી અને જરૂરી શિક્ષણ તાલીમ આપી વધુ મજબૂત કરવા જી.સી.સી.આઇ. દ્વારા વ્યાપક પ્રયાસો હાથ ધરાશે.

**(બાઇટ- સંદીપ એન્જીનીયર)**

.................................

## NEET EXAM – GUJARAT

નીટ-યુજી પેપર લીક કેસમાં સીબીઆઇએ રાજ્યના સાત સ્થળોએ દરોડા પાડીને તપાસ શરૂ કરી છે. સીબીઆઇએ રાજ્યના ચાર જિલ્લા આણંદ, ખેડા, અમદાવાદ અને ગોધરામાં શંકાસ્પદોની તપાસ હાથ ધરી હતી. પેપર લીક કેસની તપાસ દરમિયાન કેટલાક ઈલેક્ટ્રોનિક પુરાવાઓ મળી આવ્યા છે. આ ઉપરાંત રાજ્યમાં પણ શંકાસ્પદોની હાજરી હોવાની માહિતી મળી છે.

.................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

...................................

## HEMCHANDRACHARYA UNIVERSITY

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણની બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં યુનિવર્સિટી ખાતે સ્કીલ ડેવલપમેન્ટનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે અને યુનિવર્સિટી પરિસરમાં ફાયરિંગ રેન્જ બનાવવા અંગે નિર્ણય કરવામાં આવ્યો છે.

પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણની બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં ઉત્તર ગુજરાતના વિદ્યાર્થીઓ સાથે લોકો માટે આજના આધુનિક સમયમાં સૌથી મહત્વના સ્કીલ ડેવલોપમેન્ટલક્ષી વિવિધ અભ્યાસક્રમ શરૂ કરવા મંજૂરી આપવામાં આવી છે. યુવકોથી લઈ વરિષ્ઠ નાગરિકો સુધીના લોકો આ અભ્યાસક્રમનો લાભ લઈ શકે તેવા હેતુથી ઉંમરની કોઈપણ મર્યાદા વગર તમામ લોકો માટે માત્ર સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં જ સામાન્ય ફી કોલેજો દ્વારા જ નક્કી કરવામાં આવે તેવો નિર્ણય લઈ શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી હતી.

આ ઉપરાંત નવા શૈક્ષણિક વર્ષમાં જોડાણ થયેલ કોલેજો, નવા જોડાણ અને નવી અરજીઓ અંગે એલઆઇસી કમિટી મુકવાની કાર્યવાહી કરાઈ હતી. પાટણ યુનિવર્સિટી કેમ્પસમાં ફાયર રેન્જ બનાવવા પાંચ લાખના ખર્ચની સૈદ્ધાંતિક મંજૂરી અપાઇ હતી.

.................................

# T-20 FINAL

ભારતીય ટીમે 17 વર્ષ બાદ આઈસીસી ટી—20 વિશ્વકપ પોતાના નામે કર્યો છે. રોહિત શર્માના નેતૃત્વમાં રમાયેલી ફાઈનલ મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને સાત રનથી હરાવીને આ જીત હાંસલ કરી છે. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમના વિરાટ કોહલીએ 76 રન અને અક્ષર પટેલે 47 રન બનાવતા 20 ઑવરમાં 7 વિકેટ ગુમાવી ટીમે 176 રન બનાવ્યા હતા. દક્ષિણ આફ્રિકા માટે એનરિક નૉર્ટજે અને કેશવ મહારાજે બે-બે વિકેટ લીધી હતી.

177 રનના લક્ષ્યાંકનો પીછો કરતા દક્ષિણ આફ્રિકા, હેનરિક ક્લાસેનના 52 રનની મદદથી આઠ વિકેટ ગુમાવી 169 રન જ બનાવી શક્યું. ભારત તરફથી હાર્દિક પંડ્યાએ 3 વિકેટ લીધી, જ્યારે અર્શદીપ સિંહ અને જસપ્રિત બુમરાએ બે–બે વિકેટ લીધી હતી.

વર્લ્ડકપની આ ફાઈનલ મેચમાં વિરાટ કોહલીને પ્લેયર ઑફ ધ મેચ જાહેર કરાયો હતો. જ્યારે જસપ્રીત બુમરાહને આઠ મેચમાં 15 વિકેટ માટે પ્લેયર ઑફ ધ ટૂર્નામેૅન્ટથી સન્માનિત કરાયો હતો. વરિષ્ઠ ખેલાડી કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલીએ ટી—20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી હતી.

ટી-20 વિશ્વકપ જીતવા બદલ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સહિતના મહાનુભાવોએ ભારતીય ટીમને શુભેચ્છા પાઠવી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સામાજિક માધ્યમની એક પોસ્ટમાં કહ્યું કે, ક્યારેય હાર ન માનવાની ભાવના સાથે ભારતીય ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા જીત હાંસલ કરી છે.

..2..

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું કે, ભારતીય ટીમનું સારું પ્રદર્શન તેમના સમર્પણ અને મહેનતનું પરિણામ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના સંદેશમાં લખ્યું છે કે, દેશને ટીમ ઉપર ગર્વ છે. તેમણે આ મેચને ઐતિહાસિક ગણાવી.

દરમ્યાન ભારતની T 20 વિશ્વકપમાં જીત બદલ દેશ સહિત સમગ્ર રાજયભરમાં ગઇકાલે રાતે ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો, વિવિધ જિલ્લાના અમારા પ્રતિનિધિના જણાવ્યા પ્રમાણે રાજયભરમાં ગઇકાલે રાત્રે લોકો રસ્તા પર આવી ફટાકડા ફોડી વિજયની ઉજવણી કરતાં હતા.

તાપી જિલ્લાના પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે કે શહેરમાં લોકોએ ગત રાત્રે ઢોલ નગારા સાથે બાઇક રેલી યોજી હતી સુરત જિલ્લાના પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે સુરતના ભાગળ ચાર રસ્તા ખાતે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને આતિશબાજી કરી ભારત માતા કી જયના નારા સાથે જીતની ઉજવણી કરી હતી. કચ્છ જિલ્લાના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણીના જણાવ્યા અનુસાર અબડાસા તાલુકાના ડુમરા ગામે લોકોએ ગરબા ગાઈ જીતની ઉજવણી કરી હતી, તો પંચમહાલ જિલ્લાના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે ગોધરા શહેરમાં લોકોએ રસ્તા આવી ફટાકડા ફોડયા હતા અને ડીજેના તાલે ઝૂમ્યા હતા.

..................................

# WEATHER

હવામાન વિભાગની આગાહી અનુસાર, આજથી સાત દિવસ સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક વરસાદની શક્યતા છે. રાજ્યના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થશે. રાજકોટમાં ગઈકાલે સાર્વત્રિક વરસાદના પગલે ફોફળ ડેમમાં 0.30 ફૂટ, આજી -2 ડેમમાં 0.03 ફૂટ અને ન્યારી 2 ડેમમાં 0.33 ફૂટ નવા નીરની આવક થઈ છે.

આ સાથે જિલ્લાના જળાશયના કેચમેન્ટ વિસ્તારમાં સૌથી વધુ પાંચ ઈંચ વરસાદ ફોફળ ડેમમાં નોંધાયો હતો. જ્યારે આજી – 2 ડેમમાં 2 ઈંચ અને ન્યારી – 2 ડેમમાં સવા ચાર ઈંચ વરસાદ નોંધાયો તેમ રાજકોટ સિંચાઈ પૂર વર્તુળ એકમની યાદીમાં જણાવવામાં આવ્યું.

..................................

## Baruch - Rifle shooting Medal

ભરૂચ જિલ્લાના ઝંઘાર ગામના શોએબ અબ્દુલ પટેલે ગુજરાત રાજ્ય રાઇફલ શૂટિંગ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યોં છે. આ ખેલાડીએ 600 માંથી 585 અંક મેળવીને આ સિદ્ધિ હાંસલ કરી હતી. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં યોજાયેલ 60મી ગુજરાત રાજ્ય રાઇફલ શૂટિંગ સ્પર્ધામાં રાજ્યભરમાંથી 1 હજાર 200 જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

.................

# Train Cancelled

અમદાવાદથી ઋષિકેશ સુધી ચાલતી અમદાવાદ-યોગ નગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ આજથી ૩જી જુલાઇ દરમિયાન રદ કરવામાં આવી છે. રેલવે મંત્રાલયની યાદી પ્રમાણે, ઉત્તર રેલવેના રૂરકી- દેવબંદ વિભાગમાં નૉન-ઇન્ટરલોકિંગ કામગીરી ચાલી રહી હોવાથી આ નિર્ણય લેવાયો છે.

દરમિયાન, પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ - લાલકુઆં સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને ૩૦ સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે.

એવી જ રીતે ભુજ-દિલ્હી સરાય રોહિલ્લા દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની ટ્રિપ્સમાં સુધારો કરાયો છે. ટ્રેનોના સ્ટોપેજના સમય સહિતની વિગતવાર માહિતી રેલવેની વેબસાઈટ enquiry.indianrail.gov.in પર ઉપલબ્ધ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RAJKOT RAILWAY

રાજકોટ-ખંડેરી-પડધરી સેક્શનમાં નોન-ઈન્ટર લોકીંગ કામગીરીના કારણે આઠમી જુલાઈ સુધી આ સેક્શનની કેટલીક ટ્રેનો આંશિક રદ કરવામાં આવી છે. રાજકોટ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે ઓખા-રાજકોટ લોકલ આજ થી સાત જુલાઇ સુધી ઓખાથી હાપા સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન હાપા-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. જ્યારે

રાજકોટ-ઓખા લોકલ આવતીકાલ થી આઠમી જુલાઇ સુધી હાપા થી ઓખા સુધી ચલાવવામાં આવશે. જે રાજકોટ-હાપા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

આ ઉપરાંત ભાવનગર-ઓખા એક્સપ્રેસ સાતમી જુલાઇ સુધી ભાવનગર થી સુરેન્દ્રનગર ચાલશે, અને સુરેન્દ્રનગર-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. તેવી જ રીતે ઓખા-ભાવનગર એક્સપ્રેસ આઠમી જુલાઇ સુધી સુરેન્દ્રનગર થી ભાવનગર સુધી દોડશે. જે ઓખા-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

બાંદ્રા-જામનગર હમસફર એક્સપ્રેસ બાંદ્રા થી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે. આ ટ્રેન સુરેન્દ્રનગર- જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. જ્યારે જામનગર-બાંદ્રા હમસફર એક્સપ્રેસ સુરેન્દ્રનગર થી બાંદ્રા સુધી ચલાવવામાં આવશે. અને જામનગર-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

રેલવે તંત્ર દ્વારા યાત્રીઓને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી કરવા અને ટ્રેન ના સંચાલન સંબંધિત નવીનતમ માહિતી માટે www.enquiry.indianrail.gov.in જોતા રહેવા જણાવાયું છે.

.................................